# ભવન્સ શેઠ આર.એ.કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ

**<u>કૉલેજના વિધાર્થીઓને લાગુ પડતા નિયમો અને ફરજો</u>** **A.Y.: 202 - 2**

1. **હાજરી અને પરીક્ષા પાત્રતા અંગે-** ગુજરાત યુનિ.ના ઑર્ડિનન્સ તેમજ ગુજરાત સરકારશ્રીના (NEP-2020, SOP Artical 7.3) મુજબ દરેક વિષયની થીયરી તથા પ્રેક્ટીકલ્સ વર્ગોમાં **75% હાજરી ફરજીયાત** પણે જરૂરી છે, અન્યથા જે તે વિષયની પરીક્ષા લઇ શકાશે નહીં.
2. **પ્રેક્ટીકલ્સ અને એસાઇન્મેન્ટ અંગે-** જે તે વિષયની જર્નલ, રેકોર્ડ બુક, જરૂરી સાધનો સાથે તેમજ ફરજ પરના હાજર અધ્યાપકશ્રીની સૂચના મુજબ જ લેબોરેટરીમાં પ્રવેશ આપવામાં આવશે. નિયમિત રીતે દર અઠવાડીએ જે તે વિષયના અધ્યાપકશ્રીની પાસે **જર્નલ અને એસાઇન્મેન્ટ** વેરીફીકેશન તેમજ સહી કરાવવાની રહેશે.
3. **કૉલેજ કેમ્પસમાં પ્રવેશ અંગે-** દરેક વિધાર્થીએ પોતાનું કૉલેજ **આઇ-કાર્ડ** સાથે રાખવું ફરજીયાત છે. અન્યથા ગમે તે સમયે કોલેજનો વિધાર્થી હોવા છતાં પણ કેમ્પસમાંથી બહાર મોકલી દેવામાં આવશે.
4. કૉલેજ કેમ્પસમાં નિયત કરેલ જગ્યાએ જ પોતાના ટુ વ્હીલર વાહનો પાર્ક કરવા તેમજ ટુ વ્હીલર વાહનો **પાર્ક કરવા હેલ્મેટ પહેરેલો** હોવો ફરજીયાત છે. કોઇપણ પાર્ક કરેલ વાહન પર વિધ્યાર્થીઓએ બેસવું નહીં તેમજ પાર્કિંગ અંગે સિક્યુરીટીની સુચનાનો અમલ કરવો.
5. કૉલેજ કેમ્પસમાં **તમાકું અને તેની બનાવટો તથા નશાકારી વસ્તુઓ** પર પ્રતિબંધ હોવાથી સાથે રાખવી નહીં તેમજ તેનું સેવન કરવું નહીં અન્યથા પોલીસ કાર્યવાહી કરવામાં આવશે.
6. કૉલેજ કેમ્પસની બિલ્ડીંગ કે અન્ય કોઇ દિવાલ પર કોઇપણ પ્રકારનું લખાણ- ચિત્ર કે પોસ્ટર લગાડવું નહીં તથા સંસ્થાની મિલ્કતને નુકશાન કર્તા કોઇપણ પ્રવૃત્તિ કરવી નહીં.અન્યથા શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તેમજ થયેલ નુકશાન ભરપાઇ કરવાનું રહેશે.
7. કોઇપણ વિધાર્થીએ અન્ય વિધાર્થી , વિધાર્થીની કે અધ્યાપકશ્રીનું અપમાન થાય તેવી કોઇપણ પ્રકારની ટીકા ટીપ્પણી કરવી નહીં તથા કૉલેજ કેમ્પસના કોઇપણ કર્મચારીની સાથે વિનય અને વિવેક પૂર્ણ વર્તન કરવાનું રહેશે. આ ઉપરાંત કૉલેજના કોઇપણ કાર્યક્રમમાં શિસ્ત બધ્ધ વર્તન કરવું અને કાર્યક્રમમાં કોઇપણ પ્રકારની અડચણ ઉભી થાય તેવી પ્રવૃત્તિ કરવી નહીં.
8. વિધાર્થીઓએ **મોબાઇલનો** ઉપયોગ વર્ગખંડ અને લેબોરેટરીમાં કરવો નહીં, અન્યથા જે તે અધ્યાપકશ્રી દ્વારા મોબાઇલ જપ્ત કરી તેની વિરૂધ્ધ શિસ્ત ભંગના પગલા લેવામાં આવશે.
9. ચાલુ શૈક્ષણિક કાર્ય દરમિયાન વર્ગખંડમાં કે લેબોરેટરીમાં અસભ્ય વર્તન કરનાર અને શાંતિભંગ કરવા કે કરાવવાથી અધ્યાપકશ્રી કે અન્ય વિધાર્થીને કોઇપણ પ્રકારની અડચણ પહોંચાડનાર વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કારવામાં આવશે.
10. જો ટાઇમ ટેબલ મુજબ પોતાનું લેક્ચર કોઇ વર્ગખંડમાં ચાલતું હોય તો તેવા વિધાર્થીઓએ અન્ય ખાલી વર્ગખંડોમાં બેસવું નહીં અને જો પોતાનું લેક્ચર ફ્રી હોય તો **ખાલી વર્ગખંડોનો ઉપયોગ માત્ર અભ્યાસકીય પ્રવૃત્તિ** (લખવા કે વાંચવા) માટે જ કરવો.
11. રિશેષ સમય સિવાય કોઇપણ વિધ્યાર્થીએ કૉલેજ કેમ્પસમાં આંટાફેરા કરવા નહીં કે કૉલેજની લૉબીમાં ઉભા રહેવું નહીં તેમજ ચાલુ વર્ગો દરમિયાન લૉબીમાં સંપૂર્ણ શાંતિ જાળવવી. શૈક્ષણિક સમય **(12.00 to 5.00pm)** દરમિયાન કૉલેજ કેમ્પસમાં કોઇપણ રમત રમવી નહીં.
12. રીશેષ દરમિયાન કે ફ્રી વર્ગો હોય ત્યારે જ **લાયબ્રેરીના નિયમોનું પાલન** કરવાની શરતે જ લાયબ્રેરીનો ઉપયોગ કરવો
13. દરેક વિધાર્થીઓએ સ્વચ્છતા જાળવવી તથા વિજળી બચત કરવી. જરૂર ન હોય ત્યારે લાઇટ પંખા બંધ રાખી અને કચરો નિયત જગ્યાએ નાખી સહકાર આપવો. ઉર્જા બચત તથા સ્વચ્છતા રાખવી એ આપણી ફરજ હોઇ આ અંગે જાગૃતતા કેળવવી.
14. જો કોઇ વિધાર્થીને કોઇપણ પ્રકારની રજુઆત કરવાની થાય તો વિધાર્થીએ પોતે જ સૌ પ્રથમ અધ્યાપકશ્રીને ત્યારબાદ જે તે વિભાગના ઇન્ચાર્જ પ્રોફેસરશ્રીને રજુઆત કરવી અને જો ઉકેલ ન મળે તો જ તેણે આચાર્યશ્રીનો સંપર્ક કરવો.

## <u>વિધાર્થી અને માતાપિતાનું બાંહેધરી પત્ર</u>

આથી, અમો નીચે સહી કરનાર બાંહેધરી આપીએ છીએ કે અમોએ ગુજરાત યુનિ. અને સરકારશ્રી તેમજ સંસ્થા દ્વારા નક્કી કરાયેલા ઉપરોક્ત નિયમો અને ફરજો બરાબર વાંચેલા તથા સમજેલા છે અને તેનું સંપૂર્ણ પણે પાલન કરવા અમો બંધાયેલ છીએ. અન્યથા **સંસ્થાની શિસ્ત સમિતિ દ્વારા અમારા વિરુધ્ધ શિસ્ત ભંગના જે કોઇ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તે અમોને હર હંમેશ માન્ય રહેશે.** આ ઉપરાંત વર્ગખંડ કે લેબોરેટરી ની જરૂરી હાજરી અંગે વિધાર્થી પોતેજ જ્વાબદાર રહેશે. જો જરૂર કરતાં હાજરી ઓછી જણાશે તો ટર્મ ગ્રાન્ટ કરાવવા કે પરીક્ષામાં બેસવા કે પરીક્ષા ફોર્મ ભરવા માટે કોઇ હક દાવો કે દલીલ કરી શકાશે નહીં.

| | | | | |
|---|---|---|---|---|
| **Student Details:** | Student Name | | Student Signature: | |
| | Student Mob. No. | | Voter ID EPIC No. | |
| | Aadhar Card No. | | **B.Sc./M.Sc. SEM- _ Roll No.: Major Sub:** | |
| **Parents Details:** | Parents Name | | Parents Signature: | |
| | Parents Mob. No. | | Emergency Mob. No. | |

Place:

Date: :

Signature of In-Charge Professor
(Major Subject)